તાઃ / /૨૦૧૨

(૧)
પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

(૨) અધ્યક્ષશ્રી,
ગુજ.મા.અનેઉ.મા.શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**વિષયઃ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક કે શિક્ષકની ભરતી દરમ્યાન ગુણાંકન પધ્ધતિમાં એમ.ફીલ. ના ગુણ આપવા બાબત.**

**સંદર્ભઃ (૧) પત્ર ક્રમાંકઃ મઉમશબ/હ/ટે/૨૦૭૯૦-૮૧૬ ગુ.મા.અનેઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર તાઃ ૬-૭-૨૦૦૪.**

**(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯-૧૯૦૬-જી. તાઃ ૧૧-૨-૨૦૧૧.**

મે. સાહેબશ્રી,

સવિનય ઉપર્યોક્ત વિષય અને સંદર્ભોએ આપશ્રીને અમો **ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિ.સહા.ની લાયકાત ધરાવતા એમ.ફીલ. સાથેના (ટીચર ઈન વેઈટીંગ ફોર હાયર સેકન્ડરી સ્કૂલ) તમામની** નમ્ર અપીલ છેકે, **માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ -૩૫** મુજબ ભરતી પ્રક્રિયા કરવા માટે જે તે નિયમો અને શિક્ષણ સહાયક કે શિક્ષક પસંદગી ગુણાંકન પધ્ધતિ અમલમાં મૂકેલ તે મુજબ **ગુણાંકન પધ્ધતિમાં એમ.ફીલ. ની લાયકાત ધરાવતા ઉમેદવારને ૪ (ચાર) ગુણ** પુરેપુરા આપવામાં આવતા હતા. જેની તમામ વિગત ઉપરોક્ત સંદર્ભપત્ર-૧ માં જણાવેલ છે. જે થકી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે જોડાવવા માંગતા તમામ ઉમેદવારોમાં ઉચ્ચ લાયકાત મેળવવાની ધગશ રહેતી અને ઉચ્ચ લાયકાત ધરાવનાર શિક્ષકો મળી રહેતા, તેનાથી **વિધાર્થીઓને તેમના જ્ઞાનનો લાભ મળી રહેતો. આથી શાળા શિક્ષણના સ્તરને ઉપર લઈ જવામાં મદદરૂપબની રહેતું.**

પરંતુ,

સરકાર, માધ્યમિક શિક્ષણ બોર્ડ કે શિક્ષણ વિભાગને સંચાલક મંડળની સામે વાંધો પડતા તેમના હક્કોને રદ કરવા માટે શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩૫ રદ કરવામાં આવેલ. **(સરકારશ્રીએ લીધેલ ઉપરોક્ત પગલાને અમો આવકારીએ છીએ, કારણે કેન્દ્રીય ધોરણે ભરતી થવાથી ભ્રષ્ટાચાર દૂર થયો અને લાયકાત ધરાવનારને સાચી તક મળવા લાગી.)** તે અનુસાર ઉપરોક્ત સંદર્ભ પત્ર-૧ ની તમામ સૂચનાઓ આપોઆપ રદ થઈ જાય છે. અને ત્યાર બાદ ઉપરોક્ત સદર્ભપત્ર-૨ મુજબ ભરતી કરવા માટે નવી સૂચનાઓ, ટાટની લાયકાત અને ગુણાંકનની વિગતો જાહેર કરવામાં આવી. આ નવી ગુણાંકન પધ્ધતિમાં અગાઉ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક/શિ.સહા.ની ભરતીમાં **ગુણાંકન પધ્ધતિમાં એમ.ફીલ. ની લાયકાતને સદંતર કાઢી નાખવામાં આવેલ છે.** જે ખરેખર એમ.ફીલ.ની લાયકાત ધરાવનાર ઉમેદવાર માટે અન્યાયી નિર્ણય છે.

જે બાબતે આપશ્રીને અમો વિનંતીપૂર્વક આગ્રહ અને ધ્યાન દોરીએ છીએ કે,

(૧) અગાઉ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક કે શિક્ષકની પસંદગી પધ્ધતિમાં એમ.ફીલ.ના ૪ (ચાર) ગુણ આપવામાં આવતા હતા.

(૨) માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૩૫ રદ કરી અને નવી પધ્ધતિ અનુસાર કેન્દ્રીય ધોરણે પસંદગી સમિતિ બનાવેલ છે. અને તેમાં જે ગુણાંકન પધ્ધતિ મૂકેલ છે. તેમાં એમ.ફીલ.ની લાયકાતને સદંતર કાઢી નાંખેલ છે.

ઉપરોક્ત બે મુદ્દાઓ ઉપર ફરી વિચાર કરી હાલમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકની ભરતી કરવા માટે જે ગુણાંકન પધ્ધતિમાં વિવિધ લાયકાતો મુજબ જે ગુણ ફાળવેલ છે. તેમાં ઉચ્ચ લાયકાતમાં પી.એચ.ડી. ની સાથે અગાઉની જેમ એમ. ફીલ.ની લાયકાતનો પણ સમાવેશ કરવા નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ .

સહકારની અપેક્ષા સહ...

આપનો વિશ્વાસુ

(.................................)

નકલ રવાના જાણ અને યોગ્ય ઘટતું કરવા સારૂઃ-

(૧) પ્રતિ,
શ્રી રમણભાઈ વોરા સાહેબ
શિક્ષણ મંત્રી, ગુજરાત સરકાર, ગાંધીનગર

(૨) પ્રતિ,
શ્રી સી.વી.સોમ સાહેબ,
કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર

**પરિપત્ર:-**

ક્રમાંક:મઉમશબ/હ/ટી/ ૨૭૯૦/૨૮૧૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી,જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૬-૭-૨૦૦૪.

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ (ગુજરાત રાજય )

વિષય :- ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક/ શિક્ષકની ભરતી પસંદગીની કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ:-૧: અત્રેની કચેરીના તા.૯-૧૦-૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંક/૦૩/૨૦૦૩ ( સુધારાં)

૨: અત્રેની કચેરીના તા. ૧૪-૧૧-૨૦૦૩ના પત્ર ક્રમાંક/મઉમશબ/ગ/ટે-૬ નિમણુંક/ ૧૬૫૦૮/૫૮૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રજીસ્ટર્ડ ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ભરતી માટે પસંદગીની કાર્યવાહી તા.૩-૬-૨૦૦૪ થી તા.૧૧-૬-૨૦૦૪ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક:- ૧૭૨/૨૦૦૪ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩૫ મુજબ કાર્યવાહી કરવાની થાય છે. .ઉચ્ચત્તર વિભાગ માટેની પસંદગી હાલની પસંદગી સમિતિ મુજબની કાર્યવાહી તાત્કાલિક બંધ રાખવી હવે પછીથી ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની શાળાઓના કર્મચારીઓની સમગ્ર ભરતી પસંદગીની કાર્યવાહી અધિનિયમ કલમ-૩૫ મુજબ પસંદગી સમિતિ પ્રમાણે ભરતી કેમ્પમાં કરવાની રહેશે. સદરહું પરિપત્રની જાણ આપના જિલ્લાની સંબંધિત શાળા મંડળોને કરવા જણાવવામાં આવે છે. આ સાથે ઉચ્ચત્તર વિભાગમાં શિક્ષણ સહાયક માટેની ભરતી પસંદગીની ગુણાંકન માહિતી આ સાથે સામેલ છે.

( જી. એમ. રબારી )
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બિડાણ** :- ગુણાંકન માહિતી પત્રક.

**નકલ સવિનય રવાના :-**

- બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

# ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે શિક્ષણ સહાયક / શિક્ષક પસંદગી માટેની ગુણાંકન પદ્ધતિ

| ક્રમ | લાયકાત | ગુણ | ગુણ ગણતરીની વિગત |
|---|---|---|---|
| ૧. | સ્નાતક | (૧૦) | જે તે વિષયના સ્નાતકકક્ષાએ મેળવેલ ટકાને આધારે ગુણ આપવા. |
| ૨. | અનુસ્નાતક | (૧૫) | જે તે વિષયના અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ટકાને આધારે ગુણ આપવાના રહેશે. |
| ૩. | વ્યવસાયિક સ્નાતક ( B.Ed અને તેને સમકક્ષ લાયકાત) | (૧૫) | મેળવેલ ટકાને આધારે ગુણ આપવાના રહેશે. |
| ૪. | જે તે વિષય ઉપરાંત શાળા કક્ષાએ શિખવવામાં આવતા અન્ય વિષયમાં અનુસ્નાતક / વધારાની વ્યવસાયિક અનુસ્નાતક લાયકાત / M.Phill/ Ph.D/M.P.Ed/M.P.E | (૦૫) | અનુસ્નાતક કક્ષાએ મેળવેલ ટકાને આધારે ૦૫ (પાંચ) ગુણમાંથી આપવાના રહેશે.<br>Ph.D ડિગ્રી હોય તો પાંચ ગુણ પુરા આપવાના રહેશે. M.Phill હોય તો ૪ (ચાર) ગુણ આપવા. |
| ૫. | શૈક્ષણિક અનુભવ | (૦૩) | વર્ષ દીઠ ૦૧ (એક) ગુણ જે તે વિષયના શાળાના બોર્ડના છેલ્લા ૩ (ત્રણ) વર્ષના પરિણામના ટકાના આધારે આપવાના રહેશે. |
| ૬. | વિશિષ્ટ કૌશલ્ય / સિધ્ધિ | (૦૨) | (A) રાજય સરકાર સંચાલિત રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ત્રણ(૩) ક્રમાંક સુધી સફળ થનારને ૧(એક) અને કેન્દ્ર સરકાર સંચાલિત કેન્દ્ર કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમાંક સુધી સફળ થનારને ૦૨(બે) ગુણ આપવાના રહેશે.<br>(B) N.C.C માં "B" સર્ટી પ્રાપ્ત કરનારને ૦૧ (એક) અને "C" સર્ટી પ્રાપ્ત કરનારને ૦૨ (બે) ગુણ આપવાના રહેશે.<br>**નોંધ :-** ( A) અને (B )માં થઈને વધુમાં વધુ બે ગુણ મળવાપાત્ર રહેશે. |
| ૭. | કોમ્પ્યુટર વિષયની લાયકાત<br>(I) યુનિ.માન્ય ડિગ્રી કોર્ષ (૦૫)<br>(II) યુનિ.માન્ય અથવા સરકાર માન્ય પોલીટેકનીકમાં ડિપ્લોમાં કોર્ષ (૦૪)<br><br>**નોંધ :-** બે પેટા ક્રમાંકમાંથી કોઈ એક લાયકાતના ગુણ માળવાપાત્ર છે. | (૦૫) | ડિગ્રી અથવા ડિપ્લોમાં કોર્ષમાં મેળવેલ ટકાના આધારે ગુણ આપવાના રહેશે. |

**કુલ :- ૫૫**

નોંધ :-(૧) શારીરિક શિક્ષણના સ્નાતક( B.P.E) (ત્રણ વર્ષનો અભ્યાસક્રમ) હોય તો તેને સ્નાતક કક્ષાના ૧૦ વ્યવસાયિક લાયકાતના ૧૫ ગુણ ગણી કુલ ૨૫ માંથી ગુણ આપવાના રહેશે.

(૨) શૈક્ષણિક અનુભવમાં રજી.ઉ.મા.શાળાનો પૂર્ણ સમયનો સવેતન શિક્ષક તરીકેનો અનુભવ જ ધ્યાનમાં લેવો. છ માસ કે તેથી વધુ સમયના અનુભવને પૂર્ણ વર્ષ ગણી ગુણ આપવાના રહેશે.

(૩) વિશિષ્ટ કૌશલ્ય અથવા સિધ્ધિના ગુણમાં ઉમેદવારે રાજય અથવા કેન્દ્ર સરકાર સંચાલિત સ્પર્ધામાં સાંઘીક રમતોમાં પ્રથમ ક્રમાંકે વિજેતા થનાર ટીમના ખેલાડીને રાજય કક્ષા માટે ૦૧ અને રાષ્ટ્રીય કક્ષા માટે ૦૨ ગુણ આપવાના રહેશે. (એસોસિયેશનના પ્રમાણપત્રો માન્ય રહેશે નહી.)